सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮–૦૭–૨૦૨૨ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૮–૦૭–૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | ૦૭–૦૩–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૦૭ | ૧૦ |

**પલસાણાના મહે.એડીશનલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ક્રિમી. કેસ નંબર | **૨૦૯૩–૨૦૨૨** |
| આંક– | |

| | |
|---|---|
| **ફરિયાદીઃ** | **પ્રકાશચંદ્ર ભગવાનદાસ સિંહ,**<br>રહે.૭૫, રાહી ટાઉનશીપ, મુ.પો. કારેલી,તા. પલસાણા |

વિરૂદ્ધ

| | |
|---|---|
| **આરોપીઃ** | **જયશંકર રામસાગર સિંહ,**<br>રહે.૬૨, રાહી ટાઉનશીપ, મુ.પો. કારેલી,તા. પલસાણા |

| | |
|---|---|
| **બાબતઃ** | **ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ.** |

| | |
|---|---|
| ફરિયાદી તરફે વિ. વ. શ્રી | વાય.જી.પટેલ |
| આરોપી તરફે વિ.વ. શ્રી | એચ.જી.નાયકા |

–જ જ મે ન્ટ –

(૧) ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સરનામે રહેતા આવેલ છે અને ફરિયાદી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતા આવેલ છે. તમો આરોપી ફરિયાદીના સંબંધી તથા એક જ ગામના વતની હોય અને આશરે ૨ વર્ષથી ફરિયાદી તથા આરોપી સાથે એક જ મકાનમાં રહેતા હોય જેથી આરોપી સાથે ફરિયાદીનો એક સંબંધી તથા પરિવારના સભ્ય તરીકેનો સંબંધ ચાલી આવેલ હતો.

(૧.૧) ત્યારબાદ આરોપીને ફોરવ્હીલ ગાડી લેવાના હોવાથી નાણાકીય જરૂરિયાત હોવાથી આરોપીએ ફરિયાદી પાસે નાણાંની માંગણી કરતા ફરિયાદીએ આશરે ૨ વર્ષ પહેલા આરોપીને ટુકડે ટુકડે રૂ.૧,૯૫,૦૦૦/– રોકડા આપેલ હતા અને આરોપીએ ફરિયાદીને જણાવેલ કે, ૬ મહિનામાં તે તેમને તેમના પૈસા ચુકવી આપીશ.

(૧.૨) ત્યારબાદ ફરિયાદીએ ૬ માસ બાદ આરોપી પાસે નાણાંની માંગણી કરતા આરોપીએ ફરિયાદીને નાણાં ચૂકવી આપેલ નહીં અને નાણાં ચૂકવવા માટે વારંવાર ખોટા બહાના બતાવી તેમજ મારી પાસે પૈસા આવવાના જ છે એટલે હું તમને આપું એવા ખોટા વાયદા પર વાયદા કરતા આવેલા.

(૧.૩) જેથી ફરિયાદીની કાયદેસરની લેણી રકમની વારંવાર ઊઘરાણી કરવાથી આરોપીએ તા.૧૫.૦૪.૨૦૨૨ ના રોજનો એક્સીસ બેંક, ભરૂચ શાખાનો રૂ.૧,૯૫,૦૦૦/– નો ચેક નં.૩૦૦૦૦૮ નો આરોપીએ પોતાની સહી કરી ફરિયાદીને આપેલો અને જણાવેલ કે આ ચેક ફરિયાદી તેમના

ખાતામાં નાંખશે એટલે બેંકની કલીયરિંગ કાર્યવાહીમાં પાસ થઈ જશે.

**(૧.૪)** આરોપીની સૂચના મુજબ ફરિયાદીએ તેઓની એક્સીસ બેંક, તાતીથૈયા શાખાના એકાઉન્ટમાં આરોપીએ આપેલ સદરહુ ચેક તા.૧૫.૦૪.૨૦૨૨ના રોજ નાંખતા તે ચેક "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે રિટર્ન થયેલ.

**(૧.૫)** જેની જાણ ફરિયાદીએ આરોપીને કરતા આરોપીએ જણાવેલ કે, હાલ થોડો સમય માટે થોભી જાવ તેઓ તેમને પૈસા આવશે એટલે ચૂકવી આપીશ અને હાલ કોઈ કેસ કરેલ નહીં.

**(૧.૬)** ત્યારબાદ વારંવાર ફરિયાદીએ લેણી રકમની માંગણી કરેલ અને આરોપીએ ફરિયાદીને ફરીવાર તા.૧૬.૦૬.૨૦૨૨ના રોજનો એક્સીસ બેંક, ભરૂચ શાખાનો રૂ.૧,૯૫,૦૦૦/– નો ચેક નં.૩૦૦૦૧૦ નો આરોપીએ પોતાની સહી ફરિયાદીને આપેલો અને જણાવેલ કે આ ચેક ફરિયાદી તેમના બેંક ખાતામાં નાંખશે એટલે બેંકની કલીયરિંગ કાર્યવાહીમાં પાસ થઈ જશે.

**(૧.૭)** જેથી આરોપીની સૂચના મુજબ ફરિયાદીએ તેમની એક્સીસ બેંક, તાતીથૈયા શાખાના પોતાના એકાઉન્ટમાં આરોપીએ આપેલ તા.૧૬.૦૬.૨૦૨૨ના રોજનો ચેક નં.૩૦૦૦૧૦ તા.૧૬.૦૬.૨૦૨૨ના રોજ નાંખતા તે ચેક પણ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે રિટર્ન થયેલ.

**(૧.૮)** આરોપીએ આપેલ ચેક રિટર્ન થતા ફરિયાદીએ પોતાના વકીલશ્રી મારફત ચેકના નાણાંની તથા બાકી હિસાબ ચૂકતે કરવાની માંગણી કરતી

લીગલ નોટિસ તા.૨૮.૦૬.૨૦૨૨ના રોજ રજિ.એડી. મારફત મોકલેલ, જે નોટિસ આરોપીએ સ્વીકાર કરેલ છે.

**(૧.૯)** આમ, નોટિસ બજી ગયેલ હોવા છતા ફરિયાદીની લેણી રકમ ચૂકવી ન આપી આરોપી મજકૂરનાએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ હેઠળનો ગુન્હો કરેલ હોય તેમની સામે કાયદેસર રીતે નશિયત કરવા ફરિયાદીએ આ ફરિયાદ કરેલ છે.

**(૧.૧૦)** આ ફરિયાદનું કારણ આરોપી મજકૂરનાએ ફરિયાદીને લખી આપેલ ચેક "FUNDS INSUFFICIENT" ના શેરાના કારણે પરત થતાં ચેકના નાણાં ન મળ્યા ત્યારે તથા ચેકના નાણાં મેળવવા ફરિયાદીએ આરોપીઓને નોટીસ આપી અને તે નોટીસ આરોપીઓને બજી ગયેલ હોવા છતા તેનો અમલ કર્યો નહિ ત્યારે ઉત્પન્ન થયેલ છે. ફરિયાદીની આ ફરિયાદ મુદતમાં છે. જેને મુદતનો બાધ નથી. આ ફરિયાદ સાંભળવા નામદાર અદાલતને હકુમત છે. ઉપરની હકીકતમાં આરોપી મજકુરનાએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો ગુનો કરેલ હોય આરોપી મજકૂરનાને વોરંટ કાઢી પકડી મંગાવી સખત નશિયત કરવા આ ફરિયાદ છે.

**(૨)** ફરિયાદીની ફરિયાદ ઉપરથી ફરિયાદ અંગેનું કોગ્નીજન્સ લઈને આરોપીઓ વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો. તે સમન્સની બજવણી થતાં આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતાં ક્રિ.પ્રો.કો.ની

કલમ ૨૦૭ મુજબ કેસ પેપર્સની નકલો આરોપીને વિના મૂલ્યે આપવામાં આવેલી અને ગુના અંગે પૂછતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર આંક– ૧૪ ના નિવેદનમાં કરેલો અને આખી ટ્રાયલ પૂરતો પુરાવો આપેલો હોઈ સમન્સ ટ્રાયબલ ચલાવવામાં આવેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો.

(૩) ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજુ થયેલ છે.

(૩–અ) **મૌખિક પુરાવો**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | ફરિયાદી પ્રકાશચંદ્ર ભગવાનદાસ સિંહની સોગંદ ઉપર જુબાની | **૦૪** |

(૩–બ) **દસ્તાવેજી પુરાવોઃ–**

ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | આરોપીએ ફરિયાદીને આપેલ ચેક નં.૩૦૦૦૧૦ અસલ | **૧૫** |
| **૨** | એજન ચેક નં.૩૦૦૦૧૦નો રિટર્ન મેમો અસલ | **૧૬** |
| **૩** | ફરિયાદીએ આરોપીને મોકલેલ લીગલ નોટીસની કોપી | **૧૭** |
| **૪** | ફરિયાદીએ આરોપીને મોકલેલ લીગલ નોટીસની આર.પી.એ.ડી. રસીદ | **૧૮** |
| **૫** | આરોપીને નોટીસ મળી ગઇ તેનું ઓનલાઈન સ્ટેટસ | **૧૯** |

ત્યારબાદ ફરિયાદી તરફે આંક–૨૦થી કલોઝિંગ પુરસીસ રજૂ રાખી તેઓનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલ છે. આ કામે આરોપી તથા આરોપીના વિ.વ.શ્રીને વારંવાર મુદતો આપવાછતાં તેઓ દલીલ કરતાં ન હોય આંક–૨૩ થી ફરીયાદીની અરજીના આધારે આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આરોપીઓ વિરૂધ્ધ જણાતા આરોપોનો ખુલાસો કરવાની તક આપતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપી જણાવે છે કે તેઓ નિર્દોષ છે, તેઓએ આવા કોઈ કહેવાતા નાણાં લીધેલ નથી.

(૫) ઉપરોક્ત હકીકતે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થયેલા છે.

**– <u>મુ દ્દા ઓ</u> –**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદીને કાયદેસરના લેણીની રકમ પેટે ફરિયાદમાં જણાવેલ વિગતનો **૩૦૦૦૧૦** નંબરનો ચેક આપતા ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ વિગતે તેમની બેંકમાં ભરતા રિટર્ન મેમોમાં જણાવેલ કારણોસર સદરહુ ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીઓને ફરિયાદમાં જણાવેલ વિગતે રજિ. પો.એ.ડી.થી નોટિસ આપેલ, જે નોટિસ બજવા છતા આરોપીઓએ લેણી રકમ ચૂકવી આપેલ નથી અને તે રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**–// <u>નિ ર્ણ યો //</u> –**

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**–// <u>કા ર ણો //</u> –**

**<u>મુદ્દા નંબર.૧</u>**

**(૭)** આ કામે ફરિયાદી પ્રકાશચંદ્ર ભગવાનદાસ સિંહનાઓએ આંક–૦૪થી પોતાનો પુરાવો રજૂ કરેલ છે. જેમાં તેઓએ આંક–૦૧ ની હકીકતો દોહરાવેલ હોય તેની ચર્ચા કરવી જરૂરી જણાતી નથી.

**(૭.૧)** આ કામે ફરિયાદીની ઊલટતપાસ આરોપીના વિ.વકીલશ્રી એચ.જી.નાયકા મારફતે કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકત જણાવેલ છે કે, તેઓએ ધોરણ–૧૨ સુધી અભ્યાસ કરેલ છે,તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આંક–૧૫ વાળા ચેકમાં સહી અંગ્રેજીમાં છે અને તે સિવાય તમામ વિગતો હિન્દી ભાષામાં લખેલ છે, તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે આંક–૧૬ વાળી રીર્ટન મેમામાં ચેક બાઉન્સ થયા બદલની તારીખ લખેલ નથી,તેમને આંક–૧૭ વાળી નોટીસ બતાવવામાં આવે છે તેમાં ચેકનો નં. ૩૦૦૦૦૮ લખેલો છે. તે જ નોટીસમાં તકરારી ચેક તા. ૧૫–૦૪–૨૦૨૨ ના રોજ બેકમાં કલીયરીગમાં માટે નાખેલો. તે જ પ્રમાણે તેમણે તેમની ફરીયાદમાં પણ તે જ તા.૧૫–૦૪–૨૦૨૨ ના રોજ ચેક નાખ્યા બાદ તેનો રીર્ટન મેમો તેમને મળેલો. તેઓ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જયશંકર સાથે તેમને જમીન બાબતે વિવાદ હતો. તેમના ગામ યુ.પી.માં તેમના ગામના સરપંચ તથા બીજા માણસો સાથે ભેગા મળીને સમાધાન કરેલ છે. તે સમાધાન લેખમાં જયશંકરભાઇની સહી પણ છે.તેમણે પણ આ સમાધાન લેખમાં સહી કરેલી. એ હકીકત સ્વીકાર કરેલ છે કે, આ સમાધાન લેખમાં તેમને જમીન વિવાદ પેટે નાણાં મળેલ હતા. એ હકીકતનો ઇનકાર કરે છે કે, તેઓએ જયશંકરને કોઇ નાણાં આપેલા ન હોય ચેક તેમની જાતે જ ભરી બેકમાં ડીપોઝીટ કરેલ. અને ખોટી ફરીયાદ આપેલી છે એવો

કોઈ વ્યવહાર તેઓ બે વચ્ચે થયેલ નથી.

**અંતિમ નિષ્કર્ષઃ–**

(૮) ઉપરોક્ત તમામ હકીકતોને લક્ષમાં લેતા આ કામમાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેની હકીકત નિશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલા છે. ફરિયાદીની આરોપીઓએ તેમના કાયદેસરના લેણા માટે આંક–૧૫ વાળો ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે. ચેક કાયદેસરના લેણા માટેનો ન હતો તેવી હકીકત બાબતે ફરિયાદપક્ષના પુરાવામાંથી ફળદાયક હકીકત ઊલટતપાસ સ્વરૂપે બહાર લાવવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેલ છે. ચેક કાયદેસર લેણા માટેનો ન હતો તેવી હકીકત પુરવાર કરવાનો બોજો નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ આરોપી પર હોય, આરોપી દ્વારા તેવો બોજો હળવો કરવાનો જે પ્રયાસ કરેલ છે તેમાં તેઓ નિષ્ફળ ગયેલા છે અને ફરિયાદીની ઊલટતપાસમાંથી ખંડનાત્મક પુરાવો મળી આવેલ નથી, તેવા સંજોગોમાં આ કામમાં રેકર્ડ ઉપરની અન્ય હકીકતો જોતા, ફરિયાદપક્ષ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલી હકીકતો જોતા ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેણા પેટે જ આપવામાં આવેલ હતો તેવું પુરવાર થતું હોય, આમ સમગ્ર ચર્ચાને લક્ષમાં લેતા ફરિયાદપક્ષે પોતાના કાયદેસરના લેણા પુરવાર કરી શકેલા હોય અને આરોપીએ કાયદેસરની જવાબદારી પેટે ફરિયાદવાળો ચેક આપેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલા હોય, અને જેથી ફરિયાદીની હાલની કાયદેસરની ફરિયાદ હોવાનું પુરવાર થતું હોય, મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવું છું અને ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**::હુકમ::**

- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૨) અન્વયે આરોપી **જયશંકર રામસાગર સિંહ,** રહે.૬૨, રાહી ટાઉનશીપ, મુ.પો. કારેલી,તા. પલસાણા , રહે. ૭૫,રાહી ટાઉનશીપ, કારેલી ગામ, તા.પલસાણા વાળાને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના

માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

- સદરહુ કામ આરોપીને સજા બાબતે સાંભળવા પર મુલતવી રાખવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૦૭, માહેઃ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

**(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)**
અધિક જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01445

(૯) આરોપીને સજા બાબતે સાંભળ્યા.

આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી એ દલીલ કરતાં જણાવેલ છે કે, આરોપીને પુરેપુરી સજા થવી જોઇએ. આ કામે આરોપી તથા તેના વિ.વ.શ્રીનો વારંવાર પોકાર કરાવતાં તેઓ હાજર ન હોય તેઓનો આરોપીને સજા બાબતે સાંભળવાનો હકક બંધ કરવામાં આવે છે

**::આખરી હુકમ::**

- આ કામના આરોપી **જયશંકર રામસાગર સિંહ,**રહે.૬૨, રાહી ટાઉનશીપ, મુ.પો. કારેલી,તા. પલસાણાનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) મુજબ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ૧ વર્ષની સાદી કેદ સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપી છેલ્લા ઘણા સમયથી કોર્ટ કાર્યવાહીમાં હાજર થયેલ નથી જેથી આરોપી ઉપર પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી પકડ્યાથી ઉપરોક્ત હુકમનું પાલન કરવા સજાનું વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- રજિસ્ટ્રારશ્રી, પલસાણા કોર્ટનાઓને આદેશ કરવામાં આવે છે કે ફરિયાદમાં જણાવેલ સરનામે આરોપીને આ હુકમની એક નકલ સી.આર.પી.સી.ની કલમ–૩૬૧(૧) અન્વયે વિનામૂલ્યે ટપાલથી પૂરી પાડવી.

આજરોજ તારીખઃ ૦૭, માહેઃમાર્ચ, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

**(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)**
અધિક જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.
U.I.Code No.GJ01445